# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2026-27/83 Dt. 28/08/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# શ્રી મહેન્દ્રભાઈ કતારગામવાલાનું દુઃખદ અવસાન: ચેમ્બરની શ્રદ્ધાંજલિ

## સુરતે સંબંધોના સેતુબંધના શિલ્પી, કુશળ વહીવટકર્તા અને સેવાભાવી સુકાની ગુમાવ્યા: ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલા

સુરત, 28 ઓગસ્ટ 2026:

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ના પૂર્વ પ્રમુખ (વર્ષ 2014-15), સુરતના જાણીતા ઉદ્યોગપતિ, બિલ્ડર અને સેવાભાવી અગ્રણી શ્રી મહેન્દ્રભાઈ કતારગામવાલાનું આજે દુઃખદ અવસાન થયું છે. તેમના નિધનથી સુરત અને દક્ષિણ ગુજરાતના વેપાર, ઉદ્યોગ તેમજ સામાજિક ક્ષેત્રમાં ઊંડો શોક વ્યાપી ગયો છે. તેમના દેહાવસાન પર ઘેરા શોકની લાગણી વ્યક્ત કરતાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, ઉપપ્રમુખ શ્રી રવિ રાજ દેસાઈ, તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયા અને માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલે દિવંગત આત્માને હૃદયસ્પર્શી શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલા અને હોદ્દેદારોએ શ્રદ્ધાંજલિ પાઠવતાં જણાવ્યું હતું કે, "શ્રી મહેન્દ્રભાઈ કતારગામવાલા એટલે સંબંધોના સેતુબંધના સાચા શિલ્પી. તેઓ ઉચ્ચ વહીવટી અધિકારીઓ અને રાજકીય અગ્રણીઓ સાથેના પોતાના અંગત સંબંધોની શક્તિનો ઉપયોગ ક્યારેય વ્યક્તિગત સ્વાર્થ માટે નહીં, પરંતુ હંમેશાં સંસ્થા અને વેપાર-ઉદ્યોગના હિત માટે કરતા હતા. તેમના 2014-15ના પ્રમુખપદના કાર્યકાળ દરમિયાન વણાટકારો (વિવર્સ) પર લદાયેલા ટેક્સ સામે મજબૂત રજૂઆત કરી ટેક્સ નાબૂદ કરાવ્યો હતો તેમજ બિલ્ડર્સ

માટે રજિસ્ટ્રેશન પ્રશ્ને સરકાર પાસેથી ૩ મહિનાનો ગ્રેસ પિરિયડ અપાવી ઉદ્યોગને બહુ મોટી રાહત અપાવી હતી."

તેમણે ઉમેર્યું હતું કે, થાઇલેન્ડ ડાયમંડ એસોસિએશન સાથે સંબંધો સ્થાપી સુરતમાં થાઇલેન્ડ ફેશન શો અને ઓર્નામેન્ટ શો યોજી સુરતના ઝવેરીઓ માટે આંતરરાષ્ટ્રીય તકો ખોલનાર પણ મહેન્દ્રભાઈ હતા.

વ્યાપારની સાથોસાથ તેમનું જીવન અંતિમ શ્વાસ સુધી માનવસેવા માટે સમર્પિત રહ્યું હતું. તેઓ ભરત કેન્સર હોસ્પિટલ અને નિરાલી મેમોરિયલ રેડિયેશન સેન્ટરનું સંચાલન કરતા ભારતીમૈયા મેમોરિયલ ફાઉન્ડેશનના ટ્રસ્ટી અને પ્રમુખ તરીકે કાર્યરત હતા. શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે તેમની સેવાઓ હંમેશા યાદ રહેશે. તેમના નિધનથી ચેમ્બર પરિવારે એક મજબૂત આધારસ્તંભ, દીર્ઘદ્રષ્ટા માર્ગદર્શક અને વહીવટી ચોકસાઈના પ્રતીકસમા કર્મયોગી ગુમાવ્યા છે.

ચેમ્બર પરિવાર આ દુઃખની ઘડીમાં શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરે છે અને પરમકૃપાળુ પરમાત્મા આ દિવંગત પૂણ્યાત્માને પોતાના શ્રીચરણોમાં શાશ્વત શાંતિ પ્રદાન કરે તેમજ સ્નેહીજનોને આ આઘાત સહન કરવાની શક્તિ બક્ષે તેવી પ્રાર્થના કરે છે.